**સામેરી**- હવે ગુજરધરમાં સંત ફરતા, કરતા હરિની વારતા ।
પંચવ્રતે પૂરા શૂરા, પ્રભુને સંભારતા ॥૧॥
તેણે મનમાં વિચારિયું, હજી નાથજી કેમ નાવીયા ।
આજ કાલ કરતાં, દર્શન વિના દિન બહુ ગિયા ॥૨॥
એમ શોચ કરીને સંત સુતા, તેને સ્વપ્નમાં આવિયા હરિ ।
સખા સંગે શ્યામળો, જાણું પધાર્યા દયા કરી ॥૩॥
શ્વેત વસ્ત્ર પહેરી લેરી, જાણું આવિયા અશ્વે ચડી ।
સંત મન મગન થઈ, કહે ધન્ય ધન્ય આજ ઘડી ॥૪॥
એક કહે મહારાજને મેં, ગુંજાહાર પહેરાવીયા ।
બાજુ કાજુ કુંડળ કરી, ફુલના તોરા ધરાવીયા ॥૫॥
એક કહે જાણું ચંદન ઘસી, ચરચ્યું મારા હાથશું ।
એક કહે જાણું અલબેલાને, ભેટીયો ભરી બાથશું ॥૬॥
એક કહે જાણું નાથનાં, ચરણ છાપ્યાં છાતિએ ।
એક કહે એવી દિઠી મૂરતિ, તેતો નવ્ય જાય કહ્યો ॥૭॥
એક કહે મેં સખા દીઠા, સંગે સુંદર શ્યામને ।

એમ સંતે સ્વપ્રમાંહી, દીઠા પૂરણકામને ॥૮॥
પ્રભાતે ઉઠી પરસ્પર, વાત કરવા લાગીયા ।
જાણ્યું પધાર્યા વાલ્યમો, સંત સહુનાં દુઃખ ભાંગીયાં ॥૯॥
પછી નાહી જન જીવનની, વાટ જુવેછે સહુ મળી ।
એમ કરતાં પધારીયા, વાલ્યમજી પોતે વળી ॥૧૦॥
જેવા દિઠાતા સ્વપ્રમાંઈ, તેવાના તેવા પધારીયા ।
દર્શન દઈ દાસને, નવલા તે નેહ વધારીયા ॥૧૧॥
જન સહુ મગન થયા, નિખિ નટવર નાથને ।
પાય લાગી પાસળે, વળી ઉભા જોડી હાથને ॥૧૨॥
પછી પ્રભુજી બોલિયા, જાઓ તેડાવો સર્વે જનને ।
સંતને ખબર કરજ્યો, મર કરે આવી દર્શનને ॥૧૩॥
પછી સાંભળીને સર્વે આવ્યા, સતસંગી ને સંત વળી ।
નાથ નિરખિ હૈયે હરખી, લાગ્યા પાય પ્રભુને લળી ॥૧૪॥
સંત મંડળ સર્વે આવ્યાં, બેઠા જોઈ જીવનને ।
અલબેલે અમૃતદૃષ્ટે, જોયા સર્વે જનને ॥૧૫॥
અનંત સુખ આપ્યાં વાલે, કાપ્યાં દુઃખ દાસતણાં ।
મીઠી વાણ્યે બોલી મોહન, રાજી કર્યા સંત ઘણા ॥૧૬॥
પછી દિવસ વળતે, આવી અવલ એકાદશી ।
સતસંગી નરનારી સહુ, રહ્યા વ્રત મળી ઋષિ ॥૧૭॥
જેતલપુરની જાગ્યમાં, મનુષ્ય તો માયાં નહિ ।
પછી પ્રભુજી વિરાજીયા, તડાગતટે વટે જઈ ॥૧૮॥
ત્યાં અનંત જન આવિયા, લાવિયા પૂજા પ્રીતશું ।
અંબર ભૂષણ અંગે અરપિ, ચરણ ચિંતવ્યાં ચિત્તશું ॥૧૯॥
પછી સંત શ્રીખંડ ઘશી, લાવ્યાતા ભાજન ભરી ।
મરજી જોઈ મહારાજની, સર્વે અંગમાં અર્ચા કરી ॥૨૦॥
સુંદર હાર સુમનના, પ્રભુને પહેરાવિયા ।
પોંચી બાજુ કાજુ કુંડળ, ગજરા તોરા ધરાવિયા ॥૨૧॥

ધૂપ દીપ કરી આરતિ, સહુ લળિ પાયે લાગિયા ।
પછી પ્રભુજી ગામમાં, ઘોડે ચડી જમવા ગિયા ॥૨૨॥
જમી જીવન આવિયા, નાયા પછી નીરમાં ।
ચોળી ચંદન ઉતારીયું, જે ચરચ્યું હતું શરીરમાં ॥૨૩॥
પછી પહોર પાછલે, વાલો પધાર્યા વાડિયે ।
એમ સુખ અલબેલડો, દિયે દાસને દાડિદાડિયે ॥૨૪॥
અનંત વાતો ત્યાં કરી, સુણી સંત સહુ મગન થિયા ।
પછી સખા સંગે શ્યામળો, મોલે મલપતા આવીયા ॥૨૫॥
જને ત્યાં જાગરણ કર્યું, ગાયાં કીર્તન અતિઘણાં ।
પાટે બેસી પાતળે, સુણ્યાં પદ સંતતણાં ॥૨૬॥
પછી પ્રભુજી બોલિયા, તમે સાંભળો હરિજન સહુ ।
અતિ રહસ્ય એકાંતની, એક વાલ્યપની વાત કહું ॥૨૭॥
આ સભામાં આપણ સહુનાં, તેજોમય તન છે ।
છટા છુટે છે તેજની, જાણું પ્રકટિયા કોટિ ઇંદુ છે ॥૨૮॥
વળી કહું એક વારતા, સર્વે કીધું આપણું થાય છે ।
સુખ દુઃખ વળી જય પરાજય, યત્કિંચિત જે કહેવાય છે ॥૨૯॥
જેજે આપણને નવ ગમે, તે જીવ કેમ શકે કરી ।
જુઓ સર્વે જક્તમાં, કોણ શકે છે ફેલ આચરી ॥૩૦॥
વળી રીત્ય આપણી, જે જીવને નથી ગમતી ।
જોઉંછું એવા જીવને, છે કેની કેની એવી મતિ ॥૩૧॥
તેને શોધી સાંમટો, એક દંડ દેવા તાન છે ।
કોઇ ન પ્રીછે પરચો, એવું કરવું મારે નિદાન છે ॥૩૨॥
જેવું અમારાં અંગમાં, સુખ દુઃખ રાખું છું સહિ ।
તેવું જાણજયો જક્તમાં, કહું સત્ય એમાં સંશય નહિ ॥૩૩॥
વળી આપણે રાખીયાં, ષટ રસનાં વ્રતમાન ।
તેદિ સર્વે જક્તમાં, કેને ખાવા ન રહ્યું ધાન ॥૩૪॥
જેદિ અમે છાના રહ્યા, અને વળી વધાર્યા કેશ ।

તેદિના આ ભૂ વિષે, સહુ નિસ્તેજ થયા નરેશ ॥૩૫॥
વળી અમે અંગમાં, આણ્યો હતો મંદવાડ ।
તે દાડે આ જકતમાં, બહુ જીવનો ગયો બિગાડ ॥૩૬॥
એમ જણાય છે એકતા, મારા પિંડ બ્રહ્માંડમાં મળી ।
જે હોય આ અંગમાં, તે બ્રહ્માંડમાં હોય વળી ॥૩૭॥
તે માટે તમે સાંભળો, સતસંગી સહુ નરનાર ।
જેજે થાય છે જકતમાં, તેનો બીજો નથી કરનાર ॥૩૮॥
સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥
એમ વાત કરી હરિ, ત્યાર પછી પોતે પોઢિયા ।
સુણી વાત સતસંગીએ, અતિશે રાજી થિયા ॥૪૨॥
પછી પ્રભાતે ઉઠી પોતે, દયાળે દાતણ કર્યું ।
નાયા પછી નાથજી, જને હાર પહેરાવી છોગું ધર્યું ॥૪૩॥
પછી જને જમાડિયા, પ્રભુને પ્રીત્યે કરી ।
જમી પોતે શ્યામળે, પછી સંત જમાડ્યા ભાવે ભરી ॥૪૪॥
એમ દિન દશ સુધી, લટકાળે લીળા કરી ।
પછી પોતે પધારીયા, પશ્ચિમ દેશે શ્રીહરિ ॥૪૫॥
એવી અનુપમ કરી લીળા, જેઠ શુદિ એકાદશી દને ।
લીળા કરાવી જેતલપુરે, ગંગાદાસ આસજી જને ॥૪૬॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્રે
મહારાજે પુરુષોત્તમપણું કહ્યું એ નામે છોતેરમું પ્રકરણમ્ ॥૭૬॥